જન્મદિને વધામણી

દીપકભાઈ ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯

ડો. વિષ્ણુભાઈ પટેલ
ગાયનેકોલોજીસ્ટ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧

અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ
હેર ડ્રેસર
ન્યુ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

વિનયન કોલેજના વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જીત હાંસલ કરી

ગાંધીનગર, તા. ૧૭

ઉત્તરાખંડના દહેરાદુનમા તા.૨૯, ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય કક્ષાની "૬ આંતરરાષ્ટ્રીય ટેકવોન્ડો" સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના વિદ્યાર્થી લોકેશ્વરસિંહે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડૉ. હિમ્મત ભાલોડીયા તથા કોલેજ સ્ટાફ અને પી.ટી.આઈ. એ જી પટેલે ખૂબ - ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા આપી પ્રતિયોગિતામાં ભારત, દક્ષિણ કોરિયા, નેપાળ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ઉઝબેકીસ્તાન એમ ૬ દેશના ૩૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો !

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની

વિદ્યાર્થિનીઓ પુરૂષોત્તમયાગ સ્પર્ધા-પઠનમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૧૭

શનિવારે સત પ્રેરણા ટ્રસ્ટ દ્વારા પ્રેરણામૂર્તિ ભારતીશ્રીજી દ્વારા રંગમંચ પાર્ટી પ્લોટ, સૅક્ટર-૨૨, ગાંધીનગરમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જન્મ મહોત્સવ ઉજવણીના ભાગ રૂપે, દરેક શાળાની વિદ્યાર્થિનીઓને અધ્યાય-૧૫ પુરૂષોત્તમયોગ સ્પર્ધા અને પઠનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩માં અભ્યાસ કરતી ઍનએસઍસ એકમની ૫૪ વિદ્યાર્થિનીઓ અને ૪ શિક્ષક - મયંકભાઈ પટેલ, શર્મિષ્ઠાબેન, મહેશભાઈ ત્રિવેદી તથા ઍનએસઍસ કન્વીનર રમેશભાઈ પટેલ આ સ્પર્ધામાં સામેલ થયા હતા. શાળાના કાર્યકારી આચાર્ય ગીતેશભાઈ પટેલ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેરણામૂર્તિ ભારતીશ્રીજીની દિવ્યપ્રેરણાથી વિદ્યાર્થિનીઓમાં જાગૃતિ લાવવાનું તથા ભારતીય તહેવારો ઉજવવા પાછળના વૈદિક અને શાસ્ત્રીય રીતે અવગત થાય અને આપણી સંસ્કૃતિથી ઉજાગર બને તેવા ઉમદા કાર્યથી વિદ્યાર્થિનીઓને અવગત કરાવવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઍસ. કે. પટેલ સ્કૂલમાં ડ્રોઈંગ કોમ્પિટિશન

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ. કે. પટેલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્કૂલના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ચિત્રો આપવામાં આવ્યા હતા, જેમાં પોતાની કલ્પના પ્રમાણેના રંગ વિદ્યાર્થીઓએ ભરવાના હતા. વિદ્યાર્થીઓએ શિક્ષકો પાસેથી મળેલા આ ચિત્રોમાં મનભાવન રંગો પૂરીને ચિત્રોની સુંદરતામાં ઓર વધારો કરી દીધો હતો.

ઍસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળાના

વિદ્યાર્થીઓએ ઉનમાંથી વિવિધ વસ્તુ બનાવી

ઍસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વર્ગ પ્રમાણે વુલન અને થ્રેડના ઉપયોગથી ઉપયોગી વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. ધોરણ-૫ના વિદ્યાર્થીઓએ ફોટો ફ્રેમ, ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ જૂમ્મરમાં, ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ બોટલ પર, ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ ફુગ્ગા પર ઉન, દોરા અને ફેવિકોલથી ડેકોરેશન કરી વસ્તુઓની સુંદરતામાં વધારો કર્યો હતો.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે તેમના આરોગ્યની સમગ્રલક્ષી ચકાસણી માટે આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડભોડા આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા આ માટે પોતાની સેવાઓ આપવામાં આવી હતી. ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓની તપાસ શાળા પરિસરમાં જ કરવામાં આવી હતી અને જરૂર જણાય ત્યાં આરોગ્યલક્ષી સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં.

અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૭મો મણકો ॥

મારે ક્યાં રહેવું એ ખબર નથી પણ મને એમ છે કે તમારે ત્યાં હું રહી શકીશ એટલે તમારી પાસે હું આવી છું. પ્યારેલાલ કહે છે કે પણ મારો નિયમ એવો છે કે જે અભયની પ્રતિજ્ઞા લે તે જ મારી સાથે રહી શકે. હું લેવા તૈયાર છું. સારું તો એક કામ કર બેટા, આ હું તને એક ચિઠ્ઠી લખી આપું છું, મારી બહેન સુશીલા મારી બહેન સુશીલા અહીંથી થોડે દૂર એક જુદા ગામમાં છે એને આ ચિઠ્ઠી પહોંચાડ. અને એનો જવાબ લઈને પાછી આવ. એ રસ્તો એ છોકરીએ જોયેલો હતો. જે સોપારીના વનમાંથી પસાર થતો હતો, નાળિયેરી પણ આવતી હતી. જ્યાં વન નહોતું ત્યાં માણસ કરતાં ઊંચાં શણ હતાં, એ શણમાંથી પગદંડી પસાર થાય. અને જે વન હતું તેમાં સૂર્યનાં કિરણો દિવસે પણ ન જઈ શકે એવું તે ગાઢું હતું.



છોકરી કહે છે હા, હું જાઉં છું. મારો સંગાથ. પ્યારેલાલ કહે હેં. સંગાથ હમણાં તો તેં પ્રતિજ્ઞા લીધી. અભય. અચ્છા. હરિબોલ કહી નમસ્કાર કરી નીકળી. એ જ રસ્તામાંથી પસાર થતી ગઈ. સુશીલાબેનને ચિઠ્ઠી આપી અને જવાબ પણ લઈ આવી. તું અભયવાળી કહી એમ કહી એને રાખી, આમ એને વિઝા મળ્યો.

થોડા દિવસ પછી ચારપાંચ જણનું જુવાનિયાઓનું, થોડી મોટી ઉંમરના લોકોનું એક જૂથ આવ્યું. અમે પાછા જવા માટે તૈયાર છીએ, પણ શું સગવડ થાય, શું વ્યવસ્થા થાય તેની ચર્ચા કરવા માટે પ્યારેલાલ સાથે સલાહ મશવરા કરવા ભેગા થયા હતા. વાત કરતાં કરતાં અંધારું થઈ ગયું. નોઆખળી દેશના પૂર્વભાગમાં. ત્યાં પાંચ વાગે તો અંધારું થવા માંડે. અમને કોઈ એસ્કોર્ટ આપોને. પ્યારેલાલ કહે કે જરૂર. આ બાર વર્ષની છોકરી છે એ તમારો એસ્કોર્ટ. એણે અભયની પ્રતિજ્ઞા લીધી છે. ના ના અમે પહોંચી જઈશું. પ્યારેલાલે અભયની મારફતે શાંતિના કામનો આરંભ કર્યો.

150 ગાંધીયાત્રા

એની બહેન સુશીલા. એ તો ડોક્ટર. એણે દવાખાના મારફત કામ ચાલુ કર્યું. તરત જ ખબર ફેલાઈ ગયા. નોઆખલીના હુલ્લડ પછી કોઈ ડોક્ટર હતું જ નહીં, જે જીવતા હતા તે પલાયન કરી ગયા હતા. તેથી ત્યાં લંગાર લાગવા લાગી. એક દિવસે એક જુવાનિયો આવ્યો, ખરાબ હાલતમાં હતો, ખૂબ વેદના એના ચહેરા પર પણ દેખાતી હતી. પણ ખરેખર તો વેદનાનું કારણ એના પગમાં હતું, ઘા હતો, સડવા લાગ્યો હતો, વેદના થતી હતી. ગેંગરીન થવાની લગભગ અણી પર છે. એમની સાથે એક કંપાઉન્ડર હતો. જે ગાંધીની શરત મુજબ બંગાળી છોકરો હતો. એને ફર્સ્ટ એઈડ શીખવાડી તૈયાર કર્યો હતો. એણે સાફ કર્યું હશે, એને ધોયું હશે, પાટો બાંધે છે ને પેલો 'અલ્લાહ તમારી પર આશીર્વાદ વરસાવે. મારી કેટલા દિવસની પીડા હતી ને ડૉક્ટર મળતો ન હતો. પીડાથી મરતો હતો પણ તમે દર્દ ઘટાડ્યું.' દરમ્યાન સુશીલાબેન ઓળખી ગયા હતા એટલે પૂછ્યું, ભાઈ તને જેણે પાટો બાંધ્યો એને ઓળખે છે ? એને શી રીતે ઓળખો છો ? એ તો તમારો માણસ. જો તો ખરો. કંઈક અણસાર તો આવે છે. પણ ખ્યાલ નથી આવતો. આજથી થોડા દિવસો પહેલાં જે પરિવારના બધા જ સભ્યોને તેં મારી નાખેલા એ પરિવારનો આ એક છોકરો બજારમાં ગયો હતો એટલે બચી ગયેલો, એણે તારી પાટાપીંડી કરી. આ એની ઓળખાણ. સુશીલા પોતાની સેવા મારફત શાંતિનો સંદેશો લઈને જાય છે.

બીબી અંતુસલામ એણે ગાંધીનો એક નિયમ નહીં માન્યો. એણે એમ કહ્યું કે હુંય જઈને ગામડાંમાં કામ કરીશ, પણ બે જણ નહીં, હું એકલી જ જઈશ. એક ગામ સુરક્ષિત લાગતાં વધારે અસુરક્ષિત લાગે એવા ગામમાં ગયાં. ત્યાં ઓળખાણ પિછાણ કરી અને ત્યાં રહ્યા. એને પછીથી લોકો બીબીજી કહેતાં. હું તો એને ફોઈ કહેતો. એનું જો વજન કરો તો ૩૫ કિલોગ્રામથી વધારે વજન હોય, સાવ સૂકલકડી. કોઈકવાર એમ લાગે કે ફૂંક મારીએ તો ઊડે તો નહીં, એવી. પણ આત્મબળ જબરું. એટલે તો એકલી જવાનું પસંદ કર્યું. ને એણે સાંભળ્યું કે એ ગામની એક નાની દેરી, મંદિર ત્યાંથી ત્રણ ખડ્ગોની ચોરી થઈ'તી. મોટું નાળિયેર કાપવાનું એ સાધન. બંગાળીમાં એને 'ડા' કહે છે. એ તો હુલ્લડોમાં વપરાવા ગયા હશે. આ ખડ્ગો મંદિરમાં પાછા આવવા જોઈએ. બીબી અંતુસલામ ઉવાચ. કઈ રીતે પાછા આવશે ? આવશે. કેવી રીતે આવશે ? જ્યાં સુધી આ ખડ્ગો પાછા નહીં આવે ત્યાં સુધી હું ખાઈશ નહીં. પેલી બાપુની ટેકનીક શીખેલી. હું ખાઈશ નહીં. હેં ? અને પીશ પણ નહીં. પાણી પણ નહીં. નિર્જળા. ધુંવાપુંવા તો થાય પણ કંઈ કહેવાય નહીં. વાત પહોંચી ગાંધીજીને પ્યારેલાલ મારફત.

ગાંધીજીએ સંદેશો મોકલ્યો, એસઓએસ. ઉપવાસનો એક્સપર્ટ હું છું. એટલે એક્સપર્ટને નાતે હું સલાહ આપું છું ભલે ન ખાતી, પણ ઉપવાસ વખતે પાણી તો પૂરતા પ્રમાણમાં પીવું જોઈએ, શરીરના ઝેર કાઢવા માટે પણ. આ આદેશને બીબીજીએ માન્ય રાખ્યો. પાણી પીવા માંડ્યું. એક દિવસ, બે દિવસ, પાંચ દિવસ, એક અઠવાડિયું, ત્રીજું અઠવાડિયું, પચીસ દિવસ સુધી આ ૩૫ કિલોની બાઈએ અન્ન વિનાના ગાળ્યા. ફરી પ્યારેલાલને એની ચિંતા થઈ એટલે એમણે ગાંધીજીને ખબર આપ્યા અને ગાંધીજી એમની યાત્રાનો પથ જરા રોકીને ત્યાં પહોંચ્યા અને વ્યવહારિક ઉકેલ કાઢ્યો. આસપાસનાં દસ ગામના લોકોને ભેગા કર્યા અને એ લોકોએ લખીને બાંહેધરી આપી કે અમારાં આ દસ ગામોમાં અશાંતિ નહીં થાય. ગાંધીજીએ તેનું ભાષ્ય કરી કહ્યું, છેવટે તો શાંતિને માટે જ તેં પ્રતિજ્ઞા લીધી હતી ને ? (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ૧થી ૧૦૦૦ સુધીની સંખ્યાનો ઉપયોગ

પ્રસંગસર
પી એમ પરમાર

શ્રીમદ્ ભગવદ્‌ગીતા એટલે કર્મોમાં કુશળતા, જ્ઞાનની ગંગોત્રી, યોગનો સુભગ સંયોગ, ભક્તિનો ભંડાર, ધર્મનો શિલાલેખ, મુક્તિની યુક્તિ, મોક્ષનો માઈલસ્ટોન, જીવનની જડીબુટ્ટી, હરિનું હરદ્વાર, પ્રભુનું પારાયણ, આચરણનું વ્યાકરણ, રીતભાતનું રસાયણ, દુખનું મારણ, સુખનું કારણ, ભવસાગરનું તારણ, આત્માનું આવરણ ભેદી પરમાત્માનો બ્રહ્માનંદ પ્રાપ્ત કરવા માટેની સમગ્ર સંસારસાગરની દિવ્ય દિવાદાંડી.

ગીતામાં વર્ણિત વિષયોનો કોઈ પાર નથી. આ વિષયો પૈકી આજે ગીતામાં સમાવિષ્ટ સંખ્યાવાચક સંજ્ઞાઓનું વિહંગાવલોકન કરવાનો એક નમ્ર પ્રયાસછે, જે સૌને ગમશે.

એકથી શરૂઆત કરીએ. એકાક્ષરમાં ૐ હું છું, સર્વ ધર્મો છોડી તું એક મારા શરણે આવી જા. નિષ્કામ કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે પ્રકારની નિષ્ઠા કહી છે. શુક્લ પક્ષ-કૃષ્ણ પક્ષ બે છે. બે ભ્રમર, પુરુષ અને પ્રકૃતિ, દ્વંદ્વોમાં સુખ-દુખ, જ્ઞાન-અજ્ઞાન, પ્રકાશ-અંદકાર, હસ્ત્ર અને નાસત બે અશ્વિનીકુમારોનો ઉલ્લેખ છે.

ત્રણની સંખ્યામાં આકાળ, પાતાળ, પૃથ્વી, ત્રણ લોક, સત્ત્વ, રજ, તમ ત્રણ ગુણો, ગુહ્ય ગુહ્યતર, ગુહ્યતમ ત્રણ જ્ઞાન, આદિ, મધ્ય, અંત ૩ સ્થિતિ, કામ, ક્રોધ, લોભ - ત્રણ નર્કનાં દ્વાર, ઈષ્ટ, અનિષ્ટ અને મિશ્ર ત્રણ પ્રકારનાં કર્મફળ; જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય ત્રણ કર્મનાં પ્રેરકબળ, કર્તા, કર્મ, કરણ કર્મનાં ત્રણનાં સુંદર વર્ણન છે.

ચારની વાત કરીએ અર્જુનના રથને જોડેલા ચાર અશ્વો, ચાર દિશાઓ, સત, ત્રેતા, દ્વાપર, કલિ - ચાર યુગો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર - ચાર વર્ણો, આર્ત, અથાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની - એમ ચાર પ્રકારના ભક્તો,, સનદ, સનંદ, સનાતન અને સનત - ચાર બ્રહ્મના માનસપુત્રો, શંખ, ચક્ર, કદા, પદ્મ ધારણ કરનાર ચતુર્ભૂજ વિષ્ણુ ભગવાન, ચાવીને, ચૂસીને, ચાટીને, ગળી જઈને ખવાતાં ચાર પ્રકારનાં અન્નનું સુંદર વર્ષન ગીતામાં છે.

પાંચ પાંડવો, દ્રૌપદીના પાંચ પુત્રો, પાંચજન્ય શંખ, કાચબાનાં પાંચ અંગો, દ્રવ્ય-તપ-સ્વાધ્યાય-સ્વકર્મ અને જ્ઞાન એ પંચયજ્ઞ, પંચ મહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ તન્માત્રા, કોઈ પણ કાર્ય સફળ થવા માટેનાં પાંચ (કર્તા, કર્મ, કરણ દેશકાળ, દૈવ) કારણો - એ પાંચની સંખ્યા પંચ ત્યાં પરમેશ્વરની સાક્ષી પૂરે છે.

છ લક્ષણો આતતાયીનાં છે. આગ લગાડનાર, ઝેર આપનાર, હથિયાર લઈ મારવા ધસી જનાર, જર-જમીન-જોરૂ બળજબરીપૂર્વક પચાવી પાડનાર. ૬ માસ ઉત્તરાયણ, ૬ માસ દક્ષિણાયન, છ ઋતુઓ, આસુરી સંપત્તિ દર્શાવતા દંભ, ગર્વ, ક્રોધ, કઠોરતા, અજ્ઞાન અને મદ - છ ગુણો, છ વિકાર અને છ પ્રકારનાં આંતરિક-બાહ્ય તપ શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યાં છે.

સાતમાં સપ્તર્ષિ પુલહ, પુલત્સ, કતુ, મરીચિ, અત્રિ, એંગિરસ અને વશિષ્ઠનો ઉલ્લેખ છે. કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, બુદ્ધિ, ધીરજ અને ક્ષમા - એ સ્ત્રીવાચક ગુણોમાં હું છું એમ વિભૂતિયોગમાં જણાવ્યું છે, સાતમા અધ્યાયનું શીર્ષક પણ 'જ્ઞાનવિજ્ઞાન યોગ' ઘણું સૂચક છે.

આઠમાં યમ, નિયમ, આસન, પ્રત્યાહાર, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિના અષ્ટાંગયોગનું વર્ણન છે. પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકારની પ્રકૃતિ સાતમા અધ્યાયમાં છે. દ્રોણ, અર્ક, પ્રાણ, ધ્રુવ, અગ્નિ, દોષ, વસુ, વિભાવસુ, એ આઠ વિશ્વાવસુનો પણ ઉલ્લેખ છે. આંખ, કાન, નાક, ગુદા, લિંગ, મુખ - નવ દ્વારવાળાં શરીરનું વર્ણન છે. દસ ઈન્દ્રિયો, ૧૦ દિશાઓ, અગિયાર રૂદ્રો, બાર માસ, બાર આદિત્ય, ચૌદ લોક, શરીરના ૧૬ વિકારો, મનના ૨૦ પ્રકારના જુદા જુદા ભાવો, જ્ઞાનીનાં ચોવીસ લક્ષણો, દૈવી સંપત્તિના છવ્વીસ ગુણો, ૨૭ નક્ષત્રો, ૩૧ વિકારો, ૪૯ મરૂતો, બાવન અક્ષરો, સૌ કૌરવો, આશારૂપી સેંકડો બંધનો, સહસ્ત્રબાહો - ભગવાનના હજારહાથ, ભગવાનનાં સેંકડો-હજારો રૂપ, એક હજાર સૂર્યનો પ્રકાશ અને હજારો મનુષ્યોમાંથી કોઈક જ સિદ્ધ માટે યત્ન કરે છે એવી અનેક સંખ્યાવાચક સંજ્ઞાઓનો ઉલ્લેખ વેદવ્યાસ બાદરાયણે (દ્વૈપાયને) ગીતામાં વિવિધ સંવાદોમાં શ્રીકૃષ્ણના મુખે કરાવેલ છે.

સંખ્યાની દૃષ્ટિએ અન્ય રસપ્રદ વિગતો જોઈએ તો ગીતાના ૧૮ અધ્યાય છે, સાતસો શ્લોકો છે, ૯૪૧૧ શબ્દો છે, ૨૪૪૪૭ અક્ષરો છે. શ્રીકૃષ્ણ ૫૭૫ શ્લોક, અર્જુન ૮૫, સંજય ૩૯ અને ધૃતરાષ્ટ્ર માત્ર ૧ શ્લોક બોલ્યા છે. જેમાં શ્રીકૃષ્ણ ઉવાચ : ૨૮ વખત, અર્જુન ઉવાચ ૨૧, સંજય ઉવાચ ૯ અને ધૃતરાષ્ટ્ર ઉવાચ ૧ મળી કુલ ૫૯ ઉવાચ છે. ગીતામાં કુલ મળી ૨૦ યોગનાં નામ આવે છે. વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણની ૧૩૨ વિભૂતિઓનું વર્ણન છે. ગીતામાં શ્રીકૃષ્ણ માટે કુલ ૧૦૮ સંબોધનો (નામ છે) અને અર્જુન માટે ૨૮ સંબોધનો છે. ગીતામાં શ્રીઅર્જુને શ્રીકૃષ્ણને જુદા જુદા કુલ ૨૭ પ્રશ્નો પૂછ્યા છે.

૭૦૦ શ્લોકોમાં 'ય' અક્ષરથી શરૂ થતા સૌથી વધુ ૧૦૩ શ્લોકો છે. ત્યાર પછીના ક્રમે 'અ' - અક્ષર ઉપર ૯૭, 'સ' ઉપર ૬૩, 'ન' ઉપર ૪૯, 'ત' ઉપર ૪૭, 'ક' ઉપર ૪૩ અને 'પ' ઉપર ૩૯ શ્લોકો છે. જે સાત અક્ષર ઉપરથી શરૂ થતા શ્લોકોની સંખ્યા જ ૪૨૧ થાય છે. ૬૪૫ શ્લોકો અનુષ્ટુપ છંદમાં છે. બાકીના ૫૫ શ્લોકો ત્રિષ્ટુપ, બૃહતી, જગતી, ઈન્દ્રવશ્ર અને ઉપેન્દ્રવશ્રમાં છે. ૧થી ૬ અધ્યાયમાં કર્મ, ૭થી ૧૨ અધ્યાયમાં ભક્તિ અને ૧૩થી ૧૮ અધ્યાયમાં મુખ્યત્વે જ્ઞાન વિશે બૃહદ ચર્ચા જોવા મળે છે. ગીતા મહાભારતના ૧૮ પર્વ પૈકી છઠ્ઠા ભીષ્મપર્વના ૨૫થી ૪૨ અધ્યાયમાંથી લેવામાં આવી છે.

ગીતામાં યોગ શબ્દ ૯૯ વખત, આત્મા શબ્દ ૧૩૬ વખત, જ્ઞાન શબ્દ ૧૦૮ વાર, બુદ્ધિ શબ્દ ૩૫ વખત, ધર્મ શબ્દ ૨૯ વખત અને ઈશ્વર શબ્દ ૬ વખત આવે છે. ગીતાના ૧૮મા અધ્યાયના છેલ્લા શ્લોકમાં 'ર' અક્ષર ૧૩ વખત, 'ય' અક્ષર ૪ વખત, 'ધ' ૩ વખત આવે છે, છતાં અનુષ્ટુપ છંદ જળવાય છે એ વેદવ્યાસની ભાષાવૈભવનાં દ્યોતક છે. ૧ અક્ષૌહિણી એટલે ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૧,૯૦,૩૫૦ સૈનિકો અને ૬૫૬૧૦ ઘોડાનો સમાવેશ થાય છે. આવી ૧૮ અક્ષૌહિણી સેના યુદ્ધમાં હતી. ઈસ પૂર્વે ૩૧૦૨માં શ્રીકૃષ્ણે ગીતા કહી, આજે ઈસ ૨૦૧૮માં આ ગીતાની ૫૧૨૦મી જયંતિ છે. વિશ્વમાં એકમાત્ર ગીતા ગ્રંથની જ જયંતિ ઉજવાય છે. વિશ્વની મુખ્ય બધી ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે.